ગાંધીનગર સમાચાર

શિયાળામાં ઉનાળાનો અહેસાસ
મહત્તમ તાપમાન ૩૪.૫ ડિગ્રી

# મનપાનું કરભારણ વિનાનું ચૂંટણીલક્ષી ડ્રાફ્ટ બજેટ

**૨૦૧૬-૧૭ની તુલનામાં ૬ ટકાનો વધારો; સ્માર્ટ સીટી પ્રોજેક્ટનો બીજો તબક્કો શરૂ કરાશે ; શહેરી ગરીબ અને પછાત વિસ્તારોમાં માળખાકીય સુવિધાના કામો હાથ ધરાશે ; હાઉસીંગ સ્કીમ પણ હાથ ધરવામાં આવશે અને કચેરીનું રિનોવેશન પણ કરાશે : કમીશનર મોદી : ૨૦૧૭-૧૮માં રૂ. ૨૦ કરોડની પુરાંત રહેશે**

ગાંધીનગર, તા. ૩

કોઈપણ જાતના કરભારણ વિનાનું ગાંધીનગર મહાનગરપાલિકાનું વર્ષ ૨૦૧૭-૧૮નું નાણાંકીય વર્ષ માટેનું રૂ. ૨૦ કરોડની પુરાંત દર્શાવતુ ચૂંટણીલક્ષી ડ્રાફ્ટ બજેટ આજે મ્યુનિ. કમિશનર ડી.એન. મોદીએ સ્થાયી સમિતિ સમક્ષ રજુ કર્યું છે.

૨૦૧૬-૧૭ના અંદાજપત્ર સામે ૬ ટકાનો વધારો આ બજેટના કદમાં કરાયો છે. ચાલુ વર્ષના ૨૫૯ કરોડના બજેટ સામે આગામી વર્ષનું ડ્રાફ્ટ બજેટ રૂ. ૨૭૫ કરોડનું સૂચવવામાં આવ્યું છે. જે ચાલુ વર્ષની સરખામણીએ રૂ. ૧૬ કરોડનો વધારો દર્શાવે છે.

મ્યુનિ. કમિશન મોદીએ બજેટમાં કોઈપણ નવા કર લાદવાનું ટાળ્યુ છે. જો કે આવકના હાલના સાધનો છે તેમાંથી જ મહત્તમ આવક મેળવવા પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે તેમ તેમણે સ્પષ્ટ જણાવ્યુ છે.

મ્યુનિ. કમિશનર મોદીએ તેમના આ નવા બજેટમાં સ્માર્ટસીટી ભાગ-૨ અંતર્ગત રૂ. ૧૨ કરોડની જંગી ફાળવણી કરી છે. આ ઉપરાંત વેસ્ટ ટુ એનર્જી વેસ્ટ સેગ્રીગેશન તથા સી એન ડી વેસ્ટ મેનેજમેન્ટ માટે રૂ. ૧૧ કરોડનો ખર્ચ કરવાની જાહેરાત સાથે સ્વચ્છતા મિશનને સઘન બનાવવા સ્પષ્ટ સંકેત આપ્યા છે.

સ્વચ્છતા મિશન અંતર્ગત જ સાયન્ટીફીક લેન્ડ ફિલ્ડ પ્રોજેક્ટ માટે રૂ. ૨૦ કરોડ, સોલિડ વેસ્ટના વાહનો અને સાધનો માટે રૂ. ૧૫૦૦ લાખ, નવીન પે એન્ડ યુઝ ટોઈલેટ માટે રૂ. બે કરોડ, આ ઉપરાંત ઓ.ડી.ઓફ. માટેની જનજાગૃતિ માટે રૂ. ૨૫ લાખની જોગવાઈ કરી છે.

શહેરી ગરીબ આવાસ યોજના માટે વિવેકાનંદ નગરની બાજુમાં જમીન ફાળવવા ઉપરાંત અન્ય એક સાઈટ પર બાંધકામ માટે રૂ. ૫૦ કરોડની મહત્વની જોગવાઈ આ બજેટમાં કરી છે.

ગાંધીનગર શહેરની પેરીફેરી વિસ્તારના ગામડામાં પાયાની સુવિધા માટે અંદાજપત્રમાં રૂ. બે કરોડની તથા શહેરી ગરીબ અને પછાત વિસ્તારોમાં માળખાકીય સુવિધાના કામો માટે પણ રૂ. બે કરોડની ફાળવણી કરી શહેરી ગરીબોના જીવન ધોરણમાં બદલાવની મહત્વની પહેલ કમિશનર મોદીએ તેમના ડ્રાફ્ટ બજેટમાં કરી છે.

સે. ૨૧ના ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર નજીક સાંજના સમયે થતી ટ્રાફિકની સમસ્યાના નિરાકરણ માટે મલ્ટી લેવલ પાર્કિંગ માટે રૂ. ૨૦ કરોડ, શહેરના બાગબગીચાઓના નવીનીકરણ માટે રૂ. ૮ કરોડ ૫૦ લાખ, મોટા બગીચાઓના નવીનીકરણ માટે રૂ. ૭ કરોડની ફાળવણી કરી છે.

શહેરમાં હાઉસીંગ સ્કીમના અમલીકરણ માટે રૂ. ૧૦ કરોડની જંગી રકમની ફાળવણી કરી છે.

રાજ્યની અન્ય સરકારી ઓફિસોના થઈ રહેલા નવીનીકરણની સાથે તાલમાં તાલ મિલાવતાં મનપાની કચેરીના રિનોવેશન માટે રૂ. ૪ કરોડની ફાળવણી આ ડ્રાફ્ટ બજેટમાં કમિશનરે સૂચવી છે.

કમિશનરે જણાવ્યુ છે કે મહાનગરપાલિકાએ છ વર્ષના ટુંકા ગાળામાં જ આર્થિક સક્ષમતા પ્રાપ્ત કરી છે. પ્રતિ વર્ષ રેવન્યુ આવકમાં થતી વૃદ્ધિ તથા રેવન્યુ ખર્ચમાં નિયંત્રણ કરીને નોંધપાત્ર રેવન્યુ સરપ્લસ મળી રહ્યુ છે. આગામી વર્ષોમાં વધતાં જતા રેવન્યુ ખર્ચને સરભર કરવા તથા વિકાસના કામો માટે ફાળવવામાં ઉપીયોગી સાબિત થશે.

તેમણે ૨૦૧૬-૧૭માં મનપા વિસ્તારમાં થયેલ નવીન બાંધકામની મિલકતો તથા હયાત મિલ્કતોમાં થયેલ સુધારા-વધારાના આધારે મિલ્કતવેરાના માંગણામાં વધારો થશે તેવા સંકેતો આપી જણાવ્યુ છે કે હાલમાં તમામ બાકીદારોને વસુલાત માટે છેલ્લી નોટીસ આપવામાં આવી છે અને મુદત પૂર્ણ થયા બાદ સિલીંગ સહિતના કડક પગલાં લેવામાં

● અનુસંધાન પાન-૭ પર

## શહેરી ગરીબ અને પછાત વિસ્તારો ૧૩ જેટલા છે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરમાં શહેરી ગરીબ અને પછાત વસ્તારો જુદા જુદા સેક્ટરોમાં ૧૩ જેટલા છે. આ અંગેની ઓળખ પણ કરી દેવામાં આવી છે. આ વિસ્તારોમાં માળખાકીય સુવિધાના કામો માટે રૂ. બે કરોડની જંગી ફાળવણી મ્યુનિ. કમિશનર મોદીએ નવમા ડ્રાફ્ટ બજેટમાં કરી છે.

તેમણે આ ફાળવણી કોઈ માંગણી કે રજુઆતને આધારે નહિ પણ સ્માર્ટસીટી બનવા પાટનગર જઈ રહ્યુ છે ત્યારે બધા જ વિસ્તારોમાં માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ હોય તે જરૂરી જણાતાં આ જોગવાઈ કરવામાં આવી છે.

તેમણે વિસ્તારો અલગથી તારવી દેવામાં આવ્યા હોવાનો પણ પત્રકાર પરિષદમાં સ્વીકાર કર્યો હતો.

## રાજ્યના મુખ્ય માહિતી કમિશનર તરીકે વી.એસ. ગઢવી નિમાયા

ગાંધીનગર, તા. ૩

રાજ્યના મુખ્ય માહિતી કમિશનર તરીકે વી.એસ. ગઢવીની આજે રાજ્ય સરકારે નિમણુંક કરી છે. મુખ્ય માહિતી કમિશનર બલવંતસિંહ વયમર્યાદાને લઈ નિવૃત્ત થતાં તેમની જગ્યા પર ગઢવીની નિમણુંક કરવામાં આવી છે.



વહીવટીતંત્રનો બહોળો અનુભવ ધરાવતા ગઢવી એક સારા સાહિત્યકાર તેમજ ચારણી સાહિત્યનારસિક પણ છે. તેઓ લોકસંસ્કૃતિના જાણકાર હોવા ઉપરાંત એક સારા કટાર લેખક તરીકે પણ આગવી ઓળખ ધરાવે છે. રાજ્યના રાજ્યપાલશ્રીએ આજે આ નિમણુંક અંગેની લીલી ઝંડી આપતાં જ સરકારે તે અંગેના હુકમો પણ જારી કરી દીધા છે. માહિતી અધિકાર-૨૦૦૫ અન્વયે તેમની રાજ્યના મુખ્ય માહિતી કમિશનર તરીકે નિમણુંક કરવામાં આવી છે.



કાર સળગી - ઈન્ફોસીટી પાસે મુખ્ય માર્ગ પર એકાએક કાર સળગી જતા ભારે દોડધામ સર્જાઈ હતી... શોર્ટ સર્કિટથી રેન્જ રોવર કારમાં આગ લાગી હોવાનું મનાય છે...

## પાટનગર યોજનાના ડિવિઝન -૧માં જ નાયબ કાર્યપાલક ઈજનેરની ૫૦ ટકા જગ્યા ખાલી

**સેકટરોની સ્થાનિક ઇન્કવાયરીઓ ખાલી : જયારે ઇન્કવાયરી અને રસ્તાની જવાબદારી સંભાળતા તંત્રમાં પણ મેનપાવરનો અભાવ**

ગાંધીનગર તા ૩

શહેરના વિવિધ માર્ગો તેમજ સેકટરોની સ્થાનિક ઈન્કવાયરી કચેરીની જવાબદારી સંભાળતા પાટનગર યોજના વિભાગના ડિવિઝીન -૧ ના પેટા વિભાગોમાં નાયબ કાર્યપાલક ઈજનેરની ૫૦ ટકા જગ્યાઓ ખાલી છે. જેના પરિણામે નાગરિકોની રજુઆતોને પણ ન્યાય મળતો નથી. જયારે વહીવટી કામગીરી પણ વિપરિત અસર વર્તાય છે. પાટનગર યોજના વિભાગમાં મેન પાવરના અભાવ વચ્ચે સેકટરોની ઈન્કવાયરી કચેરી પણ માત્ર નામની જ હોવાનો સુર ઉઠવા પામ્યો છે.

શહેરમાં પાણી ગટર રસ્તા અને નવા વિકાસ કામોની જવાબદારી સંભાળતા પાટનગર યોજના ભવનમાં મેન પાવરના નામે મીંડુ છે. એસ ઓ તેમજ નાયબ કાર્યપાલક ઈજનેરની મોટાભાગની જગ્યાઓ ખાલી છે. વયનિવૃતિના લીધે તબક્કાવાર મોટાભાગની જગ્યાઓ ખાલી થતા હાલ નાયબ કાર્યપાલક ઈજનેરની જગ્યા ચાર્જમાં છે. પાટનગર યોજના વિભાગના મોટાભાગની ડિવિઝનલ કચેરીઓમાં નાયબ કાર્યપાલક ઈજનેર વય નિવૃત થયા બાદ નવા અધિકારીને નિમણુંક આપવામાં આવી નથી. જયારે ડિવિઝન - ૧ અને અન્ય પેટા વિભાગની કચેરીઓમાં નાયબ કાર્યપાલક ઈજનેરની ૬ પૈકી ૩ જગ્યાઓ જ

● અનુસંધાન પાન-૭ પર

## ગુણવત્તાયુક્ત પ્રાથમિક શિક્ષણ જવાબદારી જ છે

**આજે શિક્ષણ વિભાગની ચિંતન શિબિર**

અમદાવાદ, તા.૩

રાજયના વિદ્યાર્થીઓને વધુ ગુણવત્તાયુક્ત પ્રાથમિક શિક્ષણ મળી રહે તે આશયથી આવતીકાલ તા.૪થી ફેબ્રુઆરીના રોજ મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે એક દિવસીય ચિતન શિબિરનું આયોજન કરાયું છે. ગુણવત્તાયુક્ત પ્રાથમિક શિક્ષણ સામુહિક જવાબદારી વિષય પર યોજાનાર આ આત્મચિંતન શિબિરનો મુખ્યમંત્રી વિજય રૂપાણી સવારે ૧૦-૦૦ કલાકે ખુલ્લી મુકશે. આ પ્રસંગે શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ રાજયમંત્રી નાનુભાઈ વાનાણી, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ રાજયમંત્રી જયદ્રથસિંહજી પરમાર અને સંસદીય સચિવ વિભાવરીબેન દવે પણ અતિથિવિશેષપદે ઉપસ્થિત રહેશે. ઉદઘાટન સેશન બાદ યોજાનાર જુથચર્ચાના સત્રમાં પ્રાથમિક શિક્ષણની ગુણવત્તામાં શિક્ષણની જવાબદારી, પ્રાથમિક શિક્ષણમાં થયેલ નૂતન પ્રયોગો, ટેકનોલોજીનો ઉપયોગ, શિક્ષક સજ્જતા અને શૈક્ષણિક ગુણવત્તા પ્રાથમિક શિક્ષણની ગુણવત્તામાં સમાજની જવાબદારી જેવા વિષયો પર વિષય નિષ્ણાતો તથા તજજ્ઞો દ્વારા વિચાર વિમર્શ, ગોષ્ઠિ અને ચર્ચાઓ થશે.

## શિયાળામાં ઉનાળાનો અહેસાસ મહત્તમ તાપમાન ૩૪.૫ ડિગ્રી

ગાંધીનગર તા ૩

શિયાળાની મોસમમાં ઠંડીનુ પ્રભુત્વ જોવા મળતુ નથી. ઠંડીનુ ઋતુમાં વારંવાર ગરમીનુ સામ્રાજય જોવા મળે છે. છેલ્લા કેટલાક સમયથી મોસમ બેવડી ઋતુથી પ્રભાવિત છે. જયારે ઠંડીના પારાની ચઢઉતર વચ્ચે આજે પણ દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૪.૫ ડી ગ્રી પહોંચી જતા દિવસે પરસેવો થાય તેવી ગરમી નગરજનોએ અનુભવી હતી. જયારે લઘુત્તમ તાપમાન પણ ૧૬.૫ ડી ગ્રી નોંધાયુ હતુ. જેના પરિણામે વાતાવરણમાંથી ઠંડી અદ્રશ્ય થઈ ગઈ હતી. નગરજનો શિયાળાની ગુલાબી ઠંડીના દિવસોમાં ગરમીથી બેબાકળા બન્યા છે.

**દિવસે નગરજનોએ પરસેવે નિતરતી ગરમીનો અહેસાસ કર્યો : રાત્રિના પણ ઠંડી અદશ્ય**

શિયાળાની ઠંડીના દિવસોમાં લઘુત્તમ તાપમાનમાં રોજબરોજ નોંધપાત્ર ફેરફાર જોવા મળી રહયો છે. ઠંડીની મોસમમાં એકધારુ તાપમાન ન જળવતા નગરજનો વિચિત્ર મોસમની અસરથી પ્રભાવિત થયા છે. લઘુત્તમ તાપમાનમાં રોજ બદલાવ જોવા મળે છે. જેના લીધે કયારેક ઠંડી તો કયારેક ગરમીની અસર આમ નાગરિકોના આરોગ્ય પર વિપરિત અસર કરતી હોવાનુ ધ્યાને આવ્યુ છે. બે દિવસ પુર્વે ઠંડીનો પારો ઉગ્ર બનતા વાતાવરણમાં અસહ્ય ઠંડી અનુભવાતી હતી જયારે ઠંડીના પારાની ચઢઉતરના પરિણામે દિવસે ક્યારેક ઉનાળા જેવી ગરમી તો ક્યારેક રાત્રિના સમયે ભરશિયાળે જામતી ઠંડીનો એહેસાસ નગરજનો કરી રહયા છે. છેલ્લા ઘણાં સમયથી ઠંડી ગરમીના પારામાં સતત ચઢ ઉતર જોવા મળી રહી છે. આજે પણ દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૪.૫ ડી ગ્રી રહયુ હતુ. જયારે ઠંડીનો પારો પણ નીચે ઉતરીને ૧૬.૫ ડી ગ્રી સુધી પહોંચી ગયો હતો. જેના લીધે દિવસના સમયે પરસેવે નિતરતી ગરમીનો અહેસાસ નગરજનોએ કર્યો હતો. જયારે મોસમના સતત બદલાતા મિજાજનો મુદ્દો પણ ટોક ઓફ ધ ટાઉન બન્યો હતો.

## બ્રહ્મસમાજના જગદીશભાઈ દવેની અંતિમયાત્રામાં અગ્રણીઓ જોડાયા

અમદાવાદ, તા.૩

સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજના મહામંત્રી અને બ્રહ્મ વિકાસ આયોગના કન્વીનર યજ્ઞેશ દવે અને સુર્યકાલ ગ્રુપના મેનેજિંગ તંત્ર અજય દવેના પિતા જગદીશ દવે તા. ૨ ફેબ્રુઆરી ૨૦૧૭ના રોજ શિવલોક શરણ પામ્યા છે. વ્યવસાયે પત્રકાર અને ગુજરાતના બ્રાહ્મણોના આદર્શ એવા જગદીશ દવે પીઢ કોંગ્રેસી નેતા હતા. ૭૨ વર્ષની વયે અવસાન પામેલ સદગતને કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધી વતી અહેમદ પટેલે દિલસોજી પાઠવી હતી. તેમજ ગુજરાત કોંગ્રેસના પ્રમુખ ભરત સોલંકી સહિત તમામ નેતાઓએ શોક સંદેશ પાઠવ્યા હતા. સદગતની સ્મશાનયાત્રામાં મોટી સંખ્યામાં ગુજરાત કોંગ્રેસના નેતાઓ સહિત ભાજપાના અગ્રણી નેતાઓ ઉપરાંત



બ્રહ્મસમાજના અગ્રણી નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા અને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા. બ્રાહ્મણના સામાજિક ઉત્થાન માટે સતત કાર્યરત રહેવા બદલ સમસ્ય ગુજરાત બ્રહ્મ સમાજે લાઈફ ટાઈમ એચીવમેન્ટ પુરસ્કાર, બ્રહ્મરત્નથી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.

ગાંધીનગર સમાચારના મેનેજીંગ તંત્રી કૃષ્ણકાન્ત જહાએ સ્વર્ગસ્થ જગદીશભાઈ દવેને ભાવભીની અંજલિ આપી હતી. ખમીર વંતા પત્રકારત્વની મિશાલ સમા જગદીશભાઈની ખોટ બ્રહ્મ સમાજ અને પત્રકાર જગતને પડી છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર,
વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે,
તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com